Skill India
कौशल भारत-कुशल भारत

सत्यमेव जयते
GOVERNMENT OF INDIA
MINISTRY OF SKILL DEVELOPMENT
& ENTREPRENEURSHIP

N·S·D·C
National
Skill Development
Corporation
Transforming the skill landscape

B&WSSC
BEAUTY & WELLNESS SECTOR SKILL COUNCIL

# સહભાગીતા માહિતી પુસ્તિકા



ક્ષેત્ર
**સુંદરતા અને સુખાકારી**

પેટા ક્ષેત્ર
**સુંદરતા અને સલૂન**

વ્યવસાય
**નેઈલ કેર સર્વિસીઝ**

સંદર્ભ આઈડી: **BWS/Q0401,** વર્ઝન **1.0**
**NSQF** લેવલ **3**

# મદદનીશ નેઈલ ટેકનિશીયન

**ના દ્વારા પ્રકાશિત કરાયેલ**

બ્યૂટી એન્ડ વેલનેસ સેકરટ સ્કીલ કાઉન્સિલ
૪૦૫, ચોથો માળ, ડીએલએફ સિટી કોર્ટ, સિકંદરપુર, ગુરગાંવ
ઈમેઇલ: info@bwssc.in
વેબસાઇટ: www.bwssc.in

સર્વ હક્ક અબાધિત,
પ્રથમ આવૃત્તિ, માર્ચ ૨૦૧૬

ISBN 978-1-111-22222-45-7

ભારતમાં ------ખાતે પ્રિન્ટ કરાયેલ

**કોપીરાઇટ © 2016**

બ્યૂટી એન્ડ વેલનેસ સેકરટ સ્કીલ કાઉન્સિલ
૪૦૫, ચોથો માળ, ડીએલએફ સિટી કોર્ટ, સિકંદરપુર, ગુરગાંવ
ઈમેઇલ: info@bwssc.in
ફોન-૦૧૨૪-૪૨૬૯૦૩૦-૩૩

## ડિસક્લેઈમર

અહીં સમાવવામાં આવેલ માહિતી બ્યૂટી એન્ડ વેલનેસ સેકટર સ્કીલ કાઉન્સિલના વિશ્વસનીય સ્ત્રોતો પાસેથી પ્રાપ્ત કરવામાં આવી છે. બ્યૂટી એન્ડ વેલનેસ સેક્ટર સ્કીલ કાઉન્સિલ સચોટતા, સંપૂર્ણતા અથવા આવી માહિતીની પૂર્ણતાને લગતી દરેક બાંયધરીઓનો દાવો કરતી નથી. બ્યૂટી એન્ડ વેલનેસ સેકટર સ્કીલ કાઉન્સિલની અહીં દર્શાવામાં આવેલા માહિતીમાં ભૂલ, ગફલત અથવા અપૂર્ણતાઓની કોઇ જવાબદારી રહેશે નહી. આ પુસ્તકમાં સમાવવામાં આવેલા દરેક કોપીરાઇડ સામગ્રીના માલિકોની ભાળ મેળવવા માટે દરેક પ્રયત્નો કરવામાં આવ્યા છે. જો કોઇ ગફલત પ્રકાશકોની જાણમાં લાવવામાં આવશે તો તેઓ આ પુસ્તકની ભવિષ્યની આવૃત્તિઓ માટેના સમર્થન સંદર્ભમાં આભારી રહેશે. આ સામગ્રી પર વિશ્વાસ રાખનાર કોઇ પણ વ્યક્તિને જો કોઇ નુકસાન જશે તો બ્યૂટી એન્ડ વેલનેસ સેકટર સ્કીલ  કાઉન્સિલના કોઇ પણ સાહસ જવાબદાર ઠરશે નહી. આ પ્રકાશનમાં સમાવવામાં આવેલ સામગ્રીનો કોપીરાઇટ કરવામાં આવ્યો છે. આ પ્રકાશનના કોઇ પણ ભાગનું પુનઃપ્રકાશ, સંગ્રહ અથવા કોઇ પણ સ્વરૂપમાં – પેપર અથવા ઈલેક્ટ્રોનીક માધ્યમો દ્વારા જો બ્યૂટી એન્ડ વેલનેસ સેકટર સ્કીલ કાઉન્સિલની સત્તા વિના વિતરણ કરી શકાશે નહી.





‘કૌશલ્યતા વધુ સારા ભારતનું નિર્માણ છે.જો આપણે ભારતને વિકાસ તરફ લઈ જવુ હશે તો કૌશલ્ય વિકાસ આપણું મિશન હોવું જોઈએ.‘

**શ્રી નરેન્દ્ર મોદી**
ભારતના વડાપ્રધાન

# Certificate

## COMPLIANCE TO QUALIFICATION PACK-NATIONAL OCCUPATIONAL STANDARDS

is hereby issued by the

SKILL COUNCIL FOR BEAUTY AND WELLNESS

for

### SKILLING CONTENT : PARTICIPANT HANDBOOK

Complying To National Occupational Standards Of

Job Role/ Qualification Pack: 'Assistant Nail Technician' QP No. 'BWS/Q0401 NSQF Level 3'

Date of Issuance Sept 15th, 2016
Valid up to* Sept 15th, 2018

*Valid up to next review date of the qualification or the 'Valid up to' date mentioned above (whichever is earlier)*

Authorised signatory
(Skill Council for Beauty and Wellness)

## કબૂલાત

બ્યૂટી એન્ડ વેલનેસ સેકટર ક્સીલ કાઉન્સિલ એન્ડ પ્રોગિલેન્સ કેપેબિલીટી ડેવલપમેન્ટ પ્રા. લિમીટેડને આ તાલીમાર્થી મેન્યુઅલ તૈયાર કરવામાં જે લોકોએ યોગદાન આપ્યું છે તેવી વ્યક્તિઓ અને સંસ્થાઓનો આભાર વ્યક્ત કરવાનું ગમશે.

વિવધ મોડ્યૂલોની તેયારીમાં જે વ્યક્તિઓએ સહયોગ આપ્યો છે તેમનો ખાસ આભાર. જે લોકોએ વિષયવસ્તુ પૂરી પાડી છે અન વ્યક્તિગત મોડ્યૂલ્સ માટે સમીક્ષા પૂરી પાડી છે તેમની પ્રમાણિક પણે કદર કરીએ છીએ.

સુંદરતા એ સુખાકારી ઉદ્યોગની સહાય વિના આ મેન્યુઅલની તૈયારી શક્ય બની ન હોત. ઉદ્યોગનો પ્રતિભાવ પ્રારંભથી લઈને અંત સુધી અત્યંત પ્રોત્સાહક રહ્યો છે અને તેણે પૂરી પાડેલી માહિતી (ઇનપુટ્સ) સાથે અમે ઉદ્યોગમાં આજે જે કૌશલ્ય અવકાશ છે તેમાં એક સેતુ પૂરો પાડવાનો પ્રયત્ન કર્યો છે. એ વીએલસીસી, આરતી, એનરિચ, જેસીકેઆરસી, નેઇલ સ્પા ઇન્ડિયા અને બ્લોસન કોચ્ચર, એરોા મેજિકનો ખાસ આભાર માનીએ છી જેમણે આ તાલીમાર્થી મેન્યુઅલની સમીક્ષા કરી છે અને ઇનપુટ પૂરા પાડ્યા છે.

આ ભાગલેનારનો મેન્યુઅલ એ દરેક મહત્ત્વાકાંક્ષી યુવાનને સમર્પિત છે જે ખાસ કૌશલ્ય પ્રાપ્ત કરવાની ખેવના ધરાવે છે. જે તેમના ભવિષ્યના પ્રયત્નો માટે જીવપર્યંતની મિલ્કત રહેશે અન તેમને સુંદરતા અને સુખકારી ક્ષેત્રમાં તેજસ્વી કારકીર્દી ઘડવામાં મદદ કરશે.

## આ પુસ્તક વિશે

ભારતમાં સુદરતા અને સુખાકારી ઉદ્યોગ ૧૮. ટકાના સીએજીઆર દરે વૃદ્ધિ પામી રહ્યો છે અન ટૂંક સમયમાં ૧૦૦,૦૦૦ કરોડનું ટર્નઓવર પ્રાપ્ત કરે તેવી સંભાવના સેવાય છે. આ ક્ષેત્ર વધી રહેલા સાધનસંપન્ન વર્ગ અને મધ્યમ વર્ગ વસ્તી કે સુંદરતા અને સુખાકારીન એક આવશ્યકતા તરીકે ગણવાનું શરૂ કર્યું છે તેમની પર જ સમૃદ્ધ છે. સારા અને યુવાન દેખાવાના લોકોની ઈચ્છા સાથે સારી સુખાકારી પરના વધી રહેલો ભા સુંદરતા એ સુખાકારી ઉદ્યોગ માટે અન્ય ઉત્તેજક પરિબળો છે. સુંદરતા ક્ષેત્રમાં રોજગારી ૨૦ ટકાના સીએજીઆર દરે વધવાની સંભાવના છે, જેમાં ૨૩ ટકા વૃદ્ધિ સંગઠિત અન ૧૫ ટકા વૃદ્ધિ અસંગઠિત સેગમેન્ટની હશે તેમ મનાય છે તેમજ ૨૦૧૬ના અંત સુધીમાં ૬૦૦,૦૦૦ જેટલા કુશળ વ્યક્તિઓની ઘટ ઊભી થશે તેવું અનુમાન છે. સેવાની ગુણવત્તા તરફ થયેલા સંથળાંતર સાથે ઉદ્યોગ વૃદ્ધિ ટકાવી રાખવા માટે કુશળ કાર્યદળને કામે રાખવાનું વિચારી રહી છે.


ભાગલેનારની હેન્ડબુકની એવી રીચે ડિઝાઈન કરવામાં આવી છે જેથી મદદનીશ નેઈલ ટેકનિશીયન બનવા માટે થિયોરેટિકલ અને પ્રેક્ટિકલ તાલીમમાં સહાય કરી શકાય.મદદનીશ નેઈલ ટેકનિશીયનના ક્વોલિફિકેશન પેકમાં નીચે દર્શાવેલ રાષ્ટ્રીય વ્યાવસાયિક ધોરણોનો સમાવેશ થાય છે, જે દરેકને આ તાલીમાર્થી મેન્યુઅલમાં સમાવી લેવામાં આવ્યા છે.

૧. કાર્ય વિસ્તારને તૈયાર કરવોએ જાળવી રાખવો
૨. મેનીક્યોર એ પેડીક્યોર સર્વિસ હાથ ધરવી
૩. યુવ જેલ નેઈલ્સ અને (લિક્વીડ એન્ડ પાવડર) એક્રેલિક નેઈલ્સનો ઉપયોગ કરીને નખ વિસ્તરણ પૂરું પાડવું
૪. રિફીલ હાથ ધરવું
૫. સરળ અને પ્રાથમિક નેઈલ આર્ટ સર્વિસીઝ પૂરી પાડવી
૬. કાર્યસ્થળે આરોગ્ય એ સુરક્ષા જાળવવી
૭. કાર્યસ્થલે સકારાત્મક છાપનું સર્જન કરવું

રૂા ભાગલેનારની હેન્ડબુક મદદનીશ નેઈલ ટેકનિશીયનની લઘુત્તમ શૈક્ષણિક લાયકાતને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે, જે આછ ધોરણ પાસની છે. શીખવાના મહત્ત્વના મુદ્દાઓ અને ભાગ લેનાર દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા કૌશલ્યો તેના જે તે યુનિટમાં દર્શાવવામાં આવ્યા છે. એ બ્યૂટી એન્ડ વેલનેસ સેકટર સ્કીલ્સ કાઉન્સિલના ચેરમેન કુ. વંદન લુથ્રાનો તેમના સતત માર્ગદર્શન અન સહાય માટે આભાર માનીએ છીએ. અમે બીડબ્લ્યુએસએસસી ટીમ, માસ્ટર ટ્રેઈનર, સલાહકારોએ કરેલા પ્રયત્નો અને અમારા ઉદ્યોગ ભાગીદારોએ કે જેઓ આ ભાગ લેનારની હેન્ડહબૂક બનાવવામાં તેમના કિંમતી ઈનપુટ્સ આપે છે તેનો સ્વીકાર કરીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે આ ભાગ લેનારની હેન્ડબૂક અમારા એ મિત્રો કે જેઓ તેમની કારકીર્દી સુંદરતા અન સુખાકાર ક્ષેત્રમાં બનાવવાની અપેક્ષા સેવી રહ્યા છે તેમને સુરક્ષિત શીખવામાં સહાય પૂરી પાડવા સક્ષમ બનશે એવી અમે આશા સેવીએ છીએ.

## પ્રતીક વપરાયેલ


મહત્ત્વનું શીખવાનું પરિણામો


પગલાં


નોંધો


પદાર્થો


પ્રેક્ટિકલ


મહાવરો

# વિષયોની સૂચી


| ક્ર.નં. | મોડ્યુલ અને એકમો | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | **પ્રસ્તાવના** | ૧ |
| | યુનિટ ૧.૧ - આ કાર્યક્રમના ઉદ્દેશો | ૩ |
| | યુનિટ ૧.૨ - બ્યૂટી અને વેલનેસ ઉધોગ | ૬ |
| ૨. | **કામકાજનું સ્થળ તૈયાર કરવું અને જાળવણી કરવી** | ૧૧ |
| | યુનિટ ૨.૧- કામકાજનું સ્થળ તૈયાર કરવું જાળવણી કરવી | ૧૩ |
| ૩. | **મેનિક્યોર અને પેડિક્યોર સેવાઓ પુરી પાડવી (BWS/N0401)** | ૨૭ |
| | એકમ ૩.૧ – શરીર રચના શાસ્ત્ર | ૨૯ |
| | એકમ ૩.૨ – મેનિક્યોર | ૫૯ |
| | એકમ ૩.૨ – પેડિક્યોર | ૬૮ |
| ૪. | **ફ જેલ અને એકેલીક નખ સૌંદર્યવૃદ્ધિ (BWS/N0415)** | ૮૧ |
| | એકમ ૪.૧ – પોતાને ક્લાયન્ટને સેવા માટે તૈયાર કરવા | ૮૩ |
| | એકમ ૪.૨ – ફ જેલ અને નખ સૌંદર્યવૃદ્ધિ | ૮૬ |
| | એકમ ૪.૩ – એક્રેલીક નખ સૌંદર્યવૃદ્ધિ | ૮૯ |
| ૫. | **રીફીલ કરવ (BWS/N0406)** | ૯૭ |
| | એકમ ૫.૧ – રીફીલ કરવું | ૯૯ |
| ૬. | **એડવાન્સ્ટ નેઈલ કેર સર્વિસ પૂરી પાડવામાં નેઈલ ટેકિનિશિયનને સહાય કરવી (BWS/N0416)** | ૧૦૭ |
| | એકમ ૬.૧ – નખ સૌંદર્યવૃદ્ધિ સંબંધી સેવાઓ | ૧૦૯ |
| ૭. | **વ્યાવસાયિક અને ભાષકીય કૌશલ્યો (BWS/N9003)** | ૧૨૭ |
| | એકમ ૭.૧ – વ્યાવસાયિક કૌશલ્યો | ૧૨૯ |
| | એકમ ૭.૨ – ભાષાકીય કૌશલ્યો | ૧૩૫ |
| ૮. | **કાર્યસ્થળે સ્વાસ્થ્યઅને સુરક્ષા (BWS/N9002)** | ૧૪૩ |
| | એકમ ૮.૧ – કાર્યસ્થળે સ્વાસ્થ્ય અને સુરક્ષા | ૧૪૫ |
| ૯. | **કાર્યસ્થળે પોઝીટીવ ઈમ્પ્રેશન ઊભી કરવી (BWS/N9003)** | ૧૫૯ |
| | એકમ ૯.૧ – કાર્યસ્થળે પોઝીટીવ ઈમ્પ્રેશન ઊભી કરવી | ૧૬૧ |

| ક્ર.નં. | મોડ્યુલ અને એકમો | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧૦. | રોજગારીતા અને સાહસિકતા કુશળતાઓ | ૧૭૭ |
| | એકમ ૧૦.૧ - વ્યક્તિગત ક્ષમતાઓ અને મૂલ્ય વ્યવસ્થાઓ | ૧૮૧ |
| | એકમ ૧૦.૨ - ડિજિટલ સાક્ષરતા: પુનરાવર્તન | ૧૯૬ |
| | એકમ ૧૦.૩ - નાણાકીય બાબતો | ૨૦૦ |
| | એકમ ૧૦.૪ - રોજગારી અને સ્વરોજગાર માટે તૈયાર કરવા | ૨૦૮ |
| | એકમ ૧૦.૫ - ઉદ્યોગ સાહસિકતાની સમજણ | ૨૧૭ |
| | એકમ ૧૦.૬ - ઉદ્યોગ સાહસિક બનાવા તૈયારી કરવી | ૨૩૮ |



Skill India
कौशल भारत-कुशल भारत
सत्यमेव जयते
GOVERNMENT OF INDIA
MINISTRY OF SKILL DEVELOPMENT
& ENTREPRENEURSHIP
N·S·D·C
National
Skill Development
Corporation
Transforming the skill landscape

B&WSSC
BEAUTY & WELLNESS SECTOR SKILL COUNCIL

# ૧.પ્રસ્તાવના

યુનિટ ૧.૧ - આ કાર્યક્રમના ઉદ્દેશો
યુનિટ ૧.૨ - બ્યૂટી અને વેલનેસ ઉદ્યોગ



## મુખ્ય મુદ્દાઓ

**આ મોડ્યુલના અંતે તમે નીચેની બાબતો શીખી શકશોઃ**

૧. આ કાર્યક્રમના હેતુઓ સમજાવો
૨. એક મદદનીશ નેઈલ ટેક્નિશિયનની ભૂમિકા અને જવાબદારીઓનું વર્ણન કરો.
૩. બ્યૂટી અને વેલનેસ ઉદ્યોગનુ વર્ણન કરો

# યૂનિટ ૧.૧: આ કાર્યક્રમના હેતુઓ

## યૂનિટ ઉદ્દેશ્યો

**આ એકમના અંતે તમે નીચેની બાબતો શીખી શકશોઃ**

૧. આ કાર્યક્રમના હેતુઓ સમજાવો
૨. એક મદદનીશ નેઈલ ટેક્નિશિયનની ભૂમિકા અને જવાબદારીઓનું વર્ણન કરો.

## ૧.૧.૧ પરિચય

આજે, બ્યૂટી અને વેલનેસ ક્ષેત્રે ભારતમાં ચલણ વધ્યું છે અને તેમાં સ્થિર અને નોંધપાત્ર વધારો થયો છે. તેમજ આર્થિક વિકાસમાં એક મહાતાવનું યોગદાન આપવાની ક્ષમતા ધરાવે છે. તેમજ દેશમાં લાખો નવી કામકાજની જરૂરિયાત ઉભી થયી શકે છે આ અસાધારણ વૃદ્ધિ માટેના કારણોમાં ઉપભોકતાવાદ, વૈશ્વિકીકરણ અને ભારતીય ગ્રાહકોની જીવનશૈલી બદલાવ તેમજ વેલનેસ પ્રવાસન ને ગણી શકાય

બ્યુટી અને વેલનેસ ઉદ્યોગ નો ઝડપી વિકાસ તેમજ રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે આયોજન પૂર્વક ના વિશાળ ક્ષેત્ર ની હાજરીથી પ્રશિક્ષિત કુશળ અને પ્રશિક્ષિત કર્મચારીઓ. માટેની માગ માં વધારો થયેલ છે તેમ છતાં કુશળ અને પ્રશિક્ષિત કર્મચારીઓ ની માગ કરતા હાજરીમાં ઘટાડો રહે છે. આ ઘટાડા ને લીધે બ્યુટી અને વેલનેસ ઉદ્યોગ ના વિકાસ ને જોખમ રહે છે. કુશળ અને પ્રશિક્ષિત કર્મચારીઓને તૈયાર કરવા એ આ ધંધા તેમજ ક્ષેત્ર માટે એક વિશાળ કાર્ય છે



આકૃતિ ૧.૧ મદદનીશ નેઈલ ટેક્નિશિયન

## ૧.૧.૨ મદદનીશ નેઈલ ટેક્નિશિયન

એક મદદનીશ નેઈલ ટેક્નિશિયન ની આ બ્યુટી અને વેલનેસ સેક્ટર માં એક જટિલ પ્રકરની કાર્યક્ષમ ભૂમિકા રહેલ છે. અને સલુન્સ અને સ્પામાં સુંદરતા સૌન્દર્ય લક્ષી સેવાઓ વિવિધ રીતે આપી શકે છે.

એક મદદનીશ નેઈલ ટેક્નિશિયન સુંદરતા સેવાઓ અને ઉપચાર કામગીરીથી સારી રીતે વાકેફ હોવા જોઈએ અને મૂળભૂત સેવા અભિરુચિ.જોઈએ વાતચીતમાં કુશળતા તેમજ સેવા ક્ષેત્ર માં અભિરુચિ ગ્રાહકને ઉચ્ચ કક્ષાની સેવા આપવામાં મદદ કરી શકે છે

મદદનીશ નેઈલ ટેક્નિશિયન માનવ એનોટોમી થી જાણકાર હોવા જોઈએ. હાથ અને પગ ના હાડકાં, સ્નાયુઓ, ધમનીઓ ના સ્થાન તેમજ તેના હેતુઓ ની જાણકારી હોવી આવશ્યક છે. તેમને માટે નેઈલ નખ ના ભાગો ઓળખવા તેના વિકાસની પ્રક્રિયા સમજવી અને નખ ની બિમારી તથા તેને લગતી સારવારથી થી પરિચિત હોવુ જરૂરી છે.

આ મદદનીશ નેઈલ ટેક્નિશિયન નખને લગતા વિવિધ ઉત્પાદનો, સાધનો અને તેને લગતી સેવાઓ થી સારી રીતે માહિતગાર હોવા જોઈએ.

**એક મદદનીશ નેઇલ ટેક્નિશિયનની ભૂમિકા અને જવાબદારીઓ.**

એક મદદનીશ નેઇલ ટેક્નિશિયન માટે મેનીક્યોર, પેડીક્યોર તેમજ આરોગ્ય , સ્વચ્છતા અને સુરક્ષા ની પ્રાથમિક માહિતી નું જ્ઞાન તેમજ વિવિધ પ્રકારના સૌન્દર્ય પ્રસાધનોની ની જાણકારી હોવી જરૂરી છે ,

મદદનીશ ટેક્નિશિયન પાસે પ્રાથમિક મેનીક્યોર, અને પેડીક્યોર તેમજ સ્પા મેનીક્યોર, અને પેડીક્યોર ના કામની અપેક્ષા પણ રાખવામાં આવે છે .

આ વ્યક્તિ સલુન પરિસર ની દેખભાળ ઉપરાંત બીજા કઠીન કામકાજ જેવા કે સલુન ની છૂટક વસ્તુ ઓ ની જાણકારી મેળવીને વેચાણ વગેરે માં મદદ કરી શકે છે



આકૃતિ ૧.૨ મદદનીશ નેઇલ

**એક મદદનીશ નેઇલ ટેક્નિશિયન ના ગુણધર્મો.**

એક મદદનીશ નેઇલ ટેક્નિશિયન ના ગુણધર્મો નીચે મુજબ છે.

- **ગ્રાહક ને આરામદાયક:** અનુભવ કરાવો ગ્રાહકની જરૂરિયાત ને સમજો તે વ્યક્ત કરવા માટે અસમર્થ હોય તો પણ તમરી કામની જગ્યા સ્વચ્છ રાખો તેનાથી ગ્રાહક તમારી સેવા મેળવવા સંમત થશે .
- **સ્વચ્છ વ્યક્તિગત દેખાવ:** તમારો વાક્તિગત દેખાવ સ્વચ્છ રાખો ગ્રાહક ને પસંદ નહિ પડે તમારી સેવાઓ જો તમારો દેખાવ અવ્યવ્સ્થીત હશે તો. શરીર ની તેમજ શ્વાસ, ની બદબૂ વિશે સાવધ રહો.
- **યોગ્ય સૂચનો આપો:** તમે તમારા ગ્રાહક ગેરસમજ અને અનિર્ણાયક પકડી,ને તક નો સદુપયોગ કરો અને તેને શ્રેષ્ઠ સૂચનો આપો તે ગ્રાહકને તે ગમી શકે છે અને તમારી કદર કરી શકે છે. તમે કોયપણ રીતે નુકસાન માં નથી.
- **ઉતાવળ ન કરો:** ગ્રાહકને જલ્દી થી રવાના ન કરો તમે ગ્રાહક ને હાજરી આપી રહ્યા હોય, તો તમે ખાતરી કરો તેને યોગ્ય સમય આપવાની
- **તમારું જ્ઞાન સુધારતા રહો:** તમારા ક્ષેત્ર ને લગતી નવી બાબતો થી માહિતગાર રહો ગ્રાહકને કોઈ પ્રશ્ન હોય, તો તમે તેને યોગ્ય જવાબ આપવા માટે સક્ષમ હોવા જોઈએ.
- **તમારા ગ્રાહકને આદર આપો:** તમારા ગ્રાહકોના નિર્ણયને આદર આપો અને તમારા અભિપ્રાય તેમની પર ન થોપો. આખરે શું સેવાઓ તેઓ તમારી પાસેથી લેવા માંગે છે તે તેમનો નિર્ણય હોય છે અને તમારે તેનો આદર કરવો જોઈએ.
- **પ્રોડક્ટ થી માહિતગાર રહો:** મદદનીશ નેઇલ ટેક્નિશિયન માટે અનુકુળ પ્રોડક્ટ ની સલાહ આપવા માટે સક્ષમ હોવું જરૂરી છે. ઉદાહરણ તરીકે જો ગ્રાહક ની સ્કીન ત્વચા શુષ્ક હોય તો તે ધ્યાન માં રાખીને તેને અનુરૂપ પ્રોડક્ટ ની સલાહ આપવી જરૂરી છે. આ ત્યારે જ શક્ય બની શકે જો તે વસ્તુઓનું જરૂરી જ્ઞાન હોય.



આકૃતિ. ૧.૩ મદદનીશ નેઇલ ટેક્નિશિયન સાધનો અને સામગ્રી

- **વાતચીત માં કુશળતાઃ** મદદનીશ નેઇલ ટેક્નિશિયન માટે તેના  કામની આવડત હોવી જરૂરી છે તેટલું જ જરૂરી વાતચીત માં કુશળતા હોવી જરૂરી છે. મદદનીશ નેઇલ ટેક્નિશિયન પહેલા વાતચીત થી ગ્રાહકના સંપર્ક માં આવે છે અને બાદમાં તેના કામની  આવડત બતાવી શકે છે. તેથી સૌથી પહેલા ઉષ્માભર્યો આવકાર આપીને સ્પષ્ટ રીતે માહિતી આપવી જરૂરી છે તેમજ પોતે જે પણ કહે તે વ્યવસ્થિત હોવું જોઈએ.
- **સારી બોડી લેન્ગવેજઃ** મદદનીશ નેઇલ ટેક્નિશિયને  ગ્રાહક સાથે તણાવ રહિત થયીને વર્તન કરવું જોઈએ તેની બોડી લેન્ગવેજ સરળ અને પ્રવુત હોવી જોઈએ. તેનો દેખાવ કામ કરતી વખતે ખુશ લાગવો જોઈએ

## ૧.૧.૩ કાર્યક્રમનો  હેતુ અને પરિચય

આ કાર્યક્રમ તમને નીચેની બાબતો નો સરળતાથી પરિચય કરાવશે

- બ્યૂટી અને વેલનેસ ઉદ્યોગ
- કામકાજના વિસ્તારની તૈયારી અને જાળવણી
- મેનીક્યોર અને પેડીક્યોર  સેવાઓ આપવી.
- સ્પા મેનીક્યોર અને પેડીક્યોર  સેવાઓ
- કામકાજના વિસ્તારમાં આરોગ્ય અને સલામતીની  જાળવણી કરવી.
- હકારાત્મક અસર ઉભી કરવી.

# યૂનિટ ૧.૨: બ્યૂટી અને વેલનેસ ઉદ્યોગ

## યૂનિટ ઉદ્દેશ્યો

**આ એકમના અંતે તમે નીચેની બાબતો શીખી શકશો:**

૧. ભારતમાં બ્યૂટી અને વેલનેસ ઉદ્યોગનું વર્ણન કરો.

## ૧.૨.૧ભારતમાં બ્યુટી ઉદ્યોગ

જો કે ભારત માં બ્યુટી ઉદ્યોગ નવો છે, તેમ છતાં આરોગ્ય અને સુખાકારી વિશે ની જાગૃતિ માં વધારો થયો છે. બ્યુટી અને માવજત ઉદ્યોગ માં આવેલ આ તેજી, પુરુષો અને સ્ત્રીઓ બંને માં સ્ટાઇલિશ અને સારી દેખાવાની વધતી જતી ઇચ્છા ને આભારી છે

આ શહેરી સલૂન બજાર માં ભારત આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણે નાના છે. પરંતુ ઝડપી ગતિ. એ વિકાસ કરી રહેલ છે. દ્વૅસ્ વેલનેસ સેક્ટરના આ વર્ષ ના એપ્રિલ માં પ્રકાશિત અહેવાલ ના અંદાજ પ્રમાણે આ ભારત માં બ્યુટી અને વેલનેસ બજાર લગભગ ડબલ એટલે કે રૂ ૮૦,૩૭૦ કરોડ ૨૦૧૭/૧૮ માં થયી જશે. .જે રૂ ૪૧,૨૨૪ કરોડ વર્ષ ૨૦૧૨/૧૩. માં હતું. આ બિઝનેસ એટલો સારી રીતે વિકાસ થયી રહેલ છે કે આ ખાનગી ઇક્વિટી ફર્મ નું ધ્યાન ખેંચેલ છે





*Fig. 1.4 Beauty and wellness industry statistics for India*

બ્યુટી બિઝનેસ માં ખાસ કરીને સારી રીતે કામ કરી રહેલ છે તે હેરકેર છે. એસી નિલ્સનના અહેવાલ ના અંદાજ પ્રમાણે હેરકેર નું બજાર ભારતમાં ૨૦ ટકા સરેરાશ વાર્ષિક વૃદ્ધિ સાથે. ૩.૬૩૦ કરોડ રૂપિયા છે.

ઝડપથી વિસ્તરી રહેલ અન્ય ક્ષેત્ર લગ્ન સમારંભ મેકઅપ છે અગાઉ, લગ્ન સમારંભ વખતે સામાન્ય રીતે માત્ર કન્યા જે પહેલાં સલૂન મુલાકાત લીધી હતી , પરંતુ હવે મિત્રો અને સંબંધીઓ તેની સાથે ઘણી વખત જોડાય છે અને તેમને માટે સલુન્સ ખાસ પેકેજો પણ આપે છે.

ગુણવત્તા યુક્ત બ્યુટી સારવાર વિશિષ્ટ જ્ઞાન માંગી લે છે તેથી આ માટેની તાલીમ શાળાઓ પણ વિપુલ પ્રમાણ માં વધી રહી છે . મોટા ભાગના સલૂન પાસે પોતાની તાલીમની સંસ્થા ઓ છે. દાખલા તરીકે ફન્ઝઝ ૭૫ પ્રકાર ના અભ્યાસક્રમો ચલાવે છે. સરકાર ની બ્યૂટી અને વેલનેસ સેક્ટર સ્કીલ કાઉન્સિલ પણ વિવિધ તાલીમ યોજનાઓ ચલાવે છે. કુદરતી રીતે, આ ક્ષેત્રમાં રોજગારીની તકો પણ આસમાને છે. દ્ગૅસ્ય ના વેલનેસ રિપોર્ટ પ્રમાણે બ્યુટી અને સલૂન સેગમેન્ટમાં કર્મચારીઓ જરૂરિયાતો ૨૦૧૩ માં ૩.૪ મિલિયન થી વધીને ૨૦૨૨ માં ૧૨.૧ મિલિયન થશે. મેકઅપ અને બ્યુટી વ્યાવસાયિકો નો પગાર દર મહિને ૧૫,૦૦૦ રૂપિયા અને ૬૫,૦૦૦ રૂપિયા ની વચ્ચે હોય છે.

**વિકાસ માટે ના કારણો**

બ્યૂટી અને વેલનેસ ક્ષેત્રના વિકાસ માટે કારણો નીચે મુજબ છે.

- વધતો જતો ઉપભોક્તાવાદ, ઝડપી શહેરીકરણ અને વધતી જતી આવક સૌથી વધારે પ્રભુત્વ ધરાવતા પરિબળો આ બજાર ના વિકાસ માટે હોવાનું કહેવાય છે.
- યુવા ગ્રાહક વર્ગ કે જે મીડિયા ના વધતા જતા પ્રભાવ માં છે તેથી તેના માં સુંદરતા ની અપેક્ષા ઓ વધારે છે.
- યુવા દેખાવા ની વધારે પડતી ઈચ્છા ને લીધે આ ક્ષેત્ર ના વિકાસ ને પકડી રાખેલ છે. વધુ અને વધુ ગ્રાહકો કોસ્મેટિક સારવાર તેમજ એન્ટી એજિંગવિરોધી ઉત્પાદનો માટે પૂછી રહ્યા છે. આવા ઉત્પાદન માં નવીનતા હાંસલ કરવા માટે અને સારી દેખાવાની વધેલી માગ ને લીધે આ ક્ષેત્ર ભવિષ્યમાં પણ વિકાસ જાળવી શકે છે.

## ૧.૨.૨ ઉદ્યોગ વર્ગીકરણ

**બ્યૂટી કેન્દ્રો અને હેર સલુન્સ**- બ્યૂટી અને સલૂન સેગમેન્ટમાં ત્વચા, વાળ અને નેઇલ કેર સેવાઓનો સમાવેશ થાય છે આ સેવાઓ ગ્રાહક ની જરૂરિયાત પૂરી કરવા માટે આપવામાં આવે છે અને વ્યક્તિગત દેખાવ બદલવા અથવા સુધારવા માટે આપવા માં આવે છે.

**ઉત્પાદન અને કાઉન્ટર વેચાણ**- આ બ્યુટી અને સલૂન ઉત્પાદનો ના કાઉન્ટર વેચાણ,માં સૌંદર્ય પ્રસાધનો અને વય સંબંધિત આરોગ્ય અને દેખાવ ને લગતી વસ્તુઓ નો સમાવેશ થાય છે

**ફિટનેસ અને સ્લીમીંગ**- શારીરિક કસરત, યોગ, મન અને શરીરની અન્ય પદ્ધતિઓ અને વજન ઘટાડવાની અને પાતળા થવાની રીતો નો સમાવેશ થાય છે.

**રેજુવનેશન કેન્દ્રો** - તેમાં કોર સ્પા ઉદ્યોગ સેવાઓ જેવી કે સ્પા કામગીરી, સ્પા શિક્ષણ, ઉત્પાદનો અને ઇવેન્ટ નો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં મુખ્યત્વે શરીર અને મન ને તણાવ રહિત રાખવાની સક્રિય સેવાઓ આપવામાં આવે છે.




આકૃતિ ૧.૫ બ્યૂટી અને વેલનેસ ઉદ્યોગ નું વર્ગીકરણ

**વૈકલ્પિક ઉપચાર કેન્દ્રો** - વૈકલ્પિક ઉપચાર કેન્દ્ર માં વૈકલ્પિક ઉપચાર પધ્ધતિ હેઠળ તબીબી નિદાન અને સારવાર પૂરી પાડી શકાય છે.

**સ્ત્રી અથવા પુરુષ બંનેને અનુકૂળ આવે તેવા સેન્ટર**- સ્ત્રી અથવા પુરુષ બંનેને અનુકૂળ આવે એવી શૈલીમાં બનાવેલા બ્યુટી અને વેલનેસ કેન્દ્રો સ્વીકાર મેળવી રહેલ છે.

**વિવિધ વિસ્તારો / પ્રદેશ માં વિસ્તરણ**- શહેરી વિસ્તારો અને મેટ્રો શહેરો ઉપરાંત અન્ય વિસ્તારોમાં વધતી જાગૃતિ ને લીધે આ ઉદ્યોગ નું વિસ્તરણ થઇ રહેલ છે. ઓછુ ભાડુ અને માનવશક્તિ ખર્ચ પણ એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ**- ગ્રાહકોની વધતી સંખ્યા ને કારણે આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ ભારતીય બજારમાં પ્રવેશ કરવા માટે ઉત્સુક છે.

## સારાંશ

બ્યુટી અને વેલનેસ ઉદ્યોગ નો ઝડપી વિકાસ તેમજ રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે આયોજન પૂર્વક ના વિશાળ ક્ષેત્ર ની હાજરીથી કુશળ અને પ્રશિક્ષિત કર્મચારીઓ. માટેની માગ માં વધારો થયેલ છે તેમ છતાં કુશળ અને પ્રશિક્ષિત કર્મચારીઓ ની માગ કરતા હાજરીમાં ઘટાડો રહે છે. આ ઘટાડા ને લીધે બ્યુટી અને વેલનેસ ઉદ્યોગ ના વિકાસ ને જોખમ રહે છે. કુશળ અને પ્રશિક્ષિત કર્મચારીઓને તૈયાર કરવા એ આ ધંધા તેમજ ક્ષેત્ર માટે એક વિશાળ કાર્ય છે

બ્યૂટી અને વેલનેસ ક્ષેત્રમાં એક મદદનીશ નેઈલ ટેક્નિશિયન

- માં એક જટિલ પ્રકરની કાર્યક્ષમ ભૂમિકા રહેલ છે અને સલુન્સ અને સ્પામાં સૌન્દર્ય લક્ષી સેવાઓ વિવિધ રીતે આપી શકે છે.
- એક મદદનીશ નેઈલ ટેક્નિશિયન સુંદરતા સેવાઓ અને ઉપચાર કામગીરીથી સારી રીતે વાકેફ હોવા જોઈએ અને મૂળભૂત સેવા અભિરુચિ. જોઈએ
- વાતચીતમાં કુશળતા તેમજ સેવા ક્ષેત્ર માં અભિરુચિ ગ્રાહકને ઉચ્ચ કક્ષાની સેવા આપવામાં મદદ કરી શકે છે

એક મદદનીશ નેઈલ ટેક્નિશિયન ના ગુણધર્મો નીચે મુજબ છે.

- ગ્રાહક પ્રત્યેનો અભિગમ
- સ્વચ્છ વ્યક્તિગત દેખાવ
- યોગ્ય સૂચના ઓ આપવી
- કામ માં ઉતાવળ ન કરવી
- તમારા જ્ઞાન ને વધારતા રહેવુ
- તમારા ગ્રાહક ને આદર આપવો
- ઉત્પાદનો વિશે ની જાણકારી રાખવી
- વાતચીતમાં કુશળતા
- સારી બોડી લેંગ્વેજ

જો કે ભારત માં બ્યુટી ઉદ્યોગ નવો છે, તેમ છતાં આરોગ્ય અને સુખાકારી વિશે ની જાગૃતિ માં વધારો થયો છે. બ્યુટી અને માવજત ઉદ્યોગ માં આવેલ આ તેજી, પુરુષો અને સ્ત્રીઓ બંને માં સ્ટાઈલિશ અને સારી દેખાવાની વધતી જતી ઈચ્છા ને આભારી છે

બ્યૂટી અને વેલનેસ ક્ષેત્રના વિકાસ માટે કારણો નીચે મુજબ છે.

૧. વધતો જતો ઉપભોકતાવાદ, ઝડપી શહેરીકરણ અને વધતી જતી આવક
૨. યુવા ગ્રાહક વર્ગ
૩. યુવા દેખાવ ની ત્વચા માટેની વધતી ઈચ્છા.
૪. ઉત્પાદન માં થતું સંશોધન

બ્યુટી ઉદ્યોગ નું વર્ગીકરણ

- બ્યૂટી કેન્દ્રો અને હેર સલુન્સ
- ઉત્પાદન અને કાઉન્ટર વેચાણ
- ફિટનેસ અને સ્લીમીગ
- રેજુવનેશન કેન્દ્રો
- વૈકલ્પિક ઉપચાર કેન્દ્રો
- સ્ત્રી અથવા પુરુષ બંનેને અનુકૂળ આવે તેવા સેન્ટર
- વિવિધ વિસ્તારો / પ્રદેશ માં વિસ્તરણ
- આંતરરાષ્ટ્રીય બ્યૂટી બ્રાન્ડ



વેચાણ માટે નહીં - માત્ર આંતરિક પ્રસારણ માટે

## સ્વાધ્યાય

૧. નીચેના માં થી કઈ લાક્ષણિકતાઓ એક મદદનીશ નેઇલ ટેકનિશિયન ની નથી? સૌથી યોગ્ય જવાબ ટિક કરો

ક. ઉત્પાદનો વિશે નું જ્ઞાન
ખ. સારી બોડી લેગ્વેજ
ગ. સ્વચ્છ વ્યક્તિગત દેખાવ
ઘ. ઝડપથી કામ કરવું

૨. વર્તમાન બ્યૂટી અને વેલનેસ ઇન્ડસ્ટ્રી ના પ્રવાહો શું છે?

ક. ગ્રાહક ની માનસિકતા માં બદલાવ
ખ. સ્ત્રી અથવા પુરુષ બંનેને અનુકૂળ આવે તેવા સેન્ટર
ગ. આંતરરાષ્ટ્રીય બ્યૂટી બ્રાન્ડ
ઘ. આ તમામ

૩. બ્યુટી અને વેલનેસ ઉદ્યોગ ના અલગ અલગ ક્ષેત્રો ની નોંધ કરો.

નોંધ



વેચાણ માટે નહીં - માત્ર આંતરિક પ્રસારણ માટે

Skill India
कौशल भारत-कुशल भारत

सत्यमेव जयते
GOVERNMENT OF INDIA
MINISTRY OF SKILL DEVELOPMENT
& ENTREPRENEURSHIP

N·S·D·C
National
Skill Development
Corporation
Transforming the skill landscape

B&WSSC
BEAUTY & WELLNESS SECTOR SKILL COUNCIL

# ૨. કામકાજનું સ્થળ તૈયાર કરવું અને જાળવણી કરવી

યુનિટ ૨.૧- કામકાજનું સ્થળ તૈયાર કરવું  જાળવણી કરવી

BWS/N9001

## મુખ્ય મુદ્દાઓ

**આ મોડ્યુલના અંતે તમે નીચેની બાબતો શીખી શકશોઃ**

૧. કામકાજના સ્થળની તૈયારી કરવી અને જાળવણીકરવી
૨. કામકાજના સ્થળને સ્વચ્છ રાખવું
૩. જરૂરી સાધનો ગોઠવવા
૪. કચરાનો યોગ્યરીતે નિકાલ કરવો

# યૂનિટ ૨.૧: કામકાજનુંસ્થળ તૈયાર કરવું તથા જાળવવું

## યૂનિટ ઉદ્દેશ્યો

**આ એકમના અંતે તમે નીચેની બાબતો શીખી શકશોઃ**

૧. કામકાજનું સ્થળ તૈયાર કરવું
૨. કામકાજના સ્થળની જાળવણીકરવી

## ૨.૧.૧ પરિચય

દરેક બ્યુટી સર્વિસ કે કોઈ પણ સર્વિસને એવી કામકાજની જગ્યા જોઈએ કે જે સ્વચ્છ, સુઘડ, આરોગ્યપ્રદ અને આકર્ષક હોવી જોઈએ. આ વિભાગ નખ પ્રસાધન અને પગ પ્રસાધનની જગ્યા તૈયાર કરવા તથા તેની જાળવણી કરવા માટે છે. આ સેટ અપમાં સર્વિસ આપવા ગ્રાહક અને આસિસ્ટન્ટ નેઇલ ટેક્નિશિયન માટે જરૂરી ઓજારો, સાધનો અને સામગ્રી તથા સિટિંગ એરેંજમેંટની તૈયારીનો સમાવેશ થાય છે.

સર્વિસ આપ્યા પછી તમે કચરાના નિકાલ, ગ્રાહકના નોંધ લખવા તથા તમારા પોતાના આરોગ્ય વિજ્ઞાન અને બાહ્ય દેખાવ અંગે પણ શિખશો, કેટલીક મુખ્ય બાબતો

- નિકાલ
- ભઠ્ઠી
- સ્ટરીલાઇઝેશન
- સુ-શોભાન
- રેકોર્ડ કાર્ડ

તમારી મુખ્ય ફરજમાની એક ફરજ સલૂનમાં વધુ જયેષ્ઠકક્ષાના આસીસ્ટંટ નેઇલ ટેક્નિશિયનને જે તે સર્વિસ કે સર્વિસીઝ કે ગ્રાહકને તૈયાર કરીને જરૂરી યોગ્ય સાધનો તથા સામગ્રી ગોઠવવાની રહેશે. તમારા માટે એ જાણવું જરૂરી બનશે કે દરેક સર્વિસ રેંજમાં કયા પ્રોડક્ટ, ટૂલ્સ અને ઇકવિપમેંટ જરૂરી છે અને તમે ગ્રાહકના રેકર્ડ કાર્ડનો જે તે ગ્રાહક માટે તેને અનુકૂળ ખાસ મટિરિયલ પસંદ કરવા ઉપયોગ કરી શકશો.

## ૨.૧.૨ રેકોર્ડ કાર્ડ

ગ્રાહકનું રેકોર્ડ કાર્ડ એ સર્વિસ કે સર્વિસીઝનો વ્યાવસાયિક રેકોર્ડ છે જે તમારા ગ્રાહકે તમારા સલૂનમા આવેલ ત્યારે લીધી હતી અને જ્યાં આઇસ્ટંટ આઇસ્ટંટ નેઇલ ટેક્નિશિયન ભાવિ સર્વિસીઝ માટે કોમેન્ટ કે સૂચનો નોંધી શકે.

તમારી સર્વિસની તૈયારીના એક ભાગરૂપે ગ્રાહકનું રેકોર્ડ કાર્ડ રેસેપ્શન પાસેથી મેળવવાનો સમાવેશ કરે છે જેમાં નીચે મુજબ કરવાનું રહેશેઃ

- કયા પ્રકારની સર્વિસ ગ્રાહકે બૂક કરાવેલ છે તે જોવા માટે તમારે કાર્ડની જરૂર રહેશે જેથી તમને ખબર પડે કે તમારે શું ગોઠવવાનું છે.
- ગ્રાહકનું રેકોર્ડ કાર્ડ ગ્રાહકના ગમા-અણગમા, ત્વચાનો પ્રકાર, અગાઉ વાપરેલાં પ્રોડક્ટસ અને આસિસ્ટન્ટ નેઇલ ટેક્નિશિયનની રીત વિષે વધુ માહિતી આપશે કે જે તમારે કયું પ્રોડક્ટ વાપરવું તે નક્કી કરવામાં મદદરુપ થશે.



*Fig: 2.1 Filling a record card*

- જ્યારેતમે રિસેપ્શન વિભાગમાંથી રેકોર્ડ કાર્ડ ગ્રાહક માટે લેશો ત્યારે ગ્રાહકના પ્રથમ નામ, અટક, અને સરનામાની ચોકકસાઈ કરવા કે તમારી પાસે આવેલ કાર્ડ ખરું છે તે કાળજીપૂર્વક ચેક કરો
- ચોકકસાઈ કરો તમે ગ્રાહક માટે યોગ્ય રેકર્ડ લો છો કારણ કે કોઈક કોઈક અટક કે ફક્ત નામ જ શેર કરે છે.
- તમારે ગ્રાહકનું રેકોર્ડ કાર્ડ તમારે આસિસ્ટન્ટ નેઇલ ટેક્નિશિયનને તે/તેણી સર્વિસ શરૂ કરે તે પહેલા આપવાનું રહેશે.

## ૨.૧.૩ નેઈલ સલૂન

નેઇલ સલૂન રૂમ વિવિધ પ્રકારની સર્વિસીઝ માટે વપરાય છે, તેથી તે સર્વિસોની રેંજની જરૂરિયાતના અનુકૂલન મુજબ હોય અને સુંદર રીતે ગોઠવેલ હોય તે અગત્યનું છે.
દરેક સર્વિસ માટે સલૂન રૂમ નીચે મુજબ હોવો જોઈએ:

- ઉનાળામાં ઠંડો, બરાબર હવા ઉજાશ તથા શિયાળામાં હૂંફાળો હોવો જોઈએ.
- સાફ સુથરો અને સુઘડ હોવો જોઈએ અને તાજી સુગંધ આવતી હોવી જોઈએ.
- ગ્રાહકના કપડાં ટિંગાડવાની કોઈક જગ્યા હોવી જોઈએ
- પ્રોડક્ટસ અને ટુવાલ માટે શેલ્ફ કે સ્ટોરેજ ધરાવતું હોવું જોઈએ; બહારના અવાજોથી શાંત અને ખલેલ રહિત હોવો જોઈએ.મુક્ત વાતાવરણ બનાવવા હળવું સંગીત વગાડવું.
- મસાજ માટે ડિમ લાઇટ કરી શકાય તેવી લાઇટ હોવી જોઈએ.
- તંગ જગ્યા ન હોવી જોઈએ, રૂમમાં આસિસ્ટન્ટ નેઇલ ટેક્નિશિયનમાટે પૂરતી જગ્યા હોવી જોઈએ
- સર્વિસ માટે તમારે જે જોઈતું હોય તે બધુ જ હોવું જોઈએ તે બરાબર ગોઠવેલું હોવું જોઈએ.
- ગરમ અને ઠંડા પાણી માટે સિંક હોવી જોઈએ



*Fig. 2.2 The nail salon*

**સર્વિસ માટે સેટ અપ :**
તમારે કામકાજની જગ્યાની વ્યવસ્થા એવી ગોઠવવી કે જેથી બધુ આરોગ્યપ્રદ હોય અને ટ્રૉલી કે સ્ટેશન જરૂરી ટૂલ્સ, ઇક્વિપમેન્ટ અને પ્રોડક્ટસ તેમજ પૂરતા કોટન વુલ અને ટીસ્યુ સાથે ગોઠવી શકાય.

વર્ક પ્લેસ માટે કોઈ પણ સર્વિસ માટે—એક ચેક લિસ્ટ:

- ટ્રૉલી/ટેબલ પર ગ્રાહકનું રેકોર્ડ કાર્ડ અને પેન કન્સલ્ટેશન માટે તૈયાર રાખવું.
- ગાઉન જે ગ્રાહક સર્વિસ વખતે પહેરશે તે તૈયાર હોવું જોઈએ અને કોટ હેંગર કે હૂક જરૂર પડે તો પ્રાપ્ય હોવું જોઈએ.

- સ્વચ્છ ટુવાલ આજુ બાજુમાં રાખવો
- સર્વિસ કાઉચ બોટમ શીટ ફિટ કરીને તૈયાર રાખવું અને એક ડિસ્પોઝેબલ કાઉચ તૈયાર રાખવું
- ટેબલ/ટ્રૉલી/શેલ્ફ/ ટ્રૉલી ટોપ અને વર્ક સરફેસ કઉચ રોલથી ઢાંકી ચેપ રહિત રાખવા જોઈએ.
- સર્વિસ દરમ્યાન ઉપયોગ કરવાના પ્રોડક્ટસ ટ્રૉલી/શેલ્ફ/ટેબલ ટોપ ઉપર મૂકવા
- સર્વિસ દરમ્યાન ઉપયોગ કરવાના ટૂલ્સ સ્ટરીલાઈઝ કરવા અને પછી ટ્રૉલી/ટેબલ/શેલ્ફ ટોપ ઉપર એંટીસેપ્ટિક જાર સાથે મૂકવા

## ૨.૧.૪ સ્ટરીલાઈઝેશન અને ડીસઈન્ફેકશન રીત

જ્યારે સર્વિસીઝ માટે ગોઠવણ કરતા હોઈએ ત્યારે જાતે સર્વિસ કરતાં હોઈએ તેમ ઉચ્ચતમ આરોગ્યનું સ્ટાન્ડર્ડ જાળવવું તેટલું જ અગત્યનું છે. માઇક્રો ઓર્ગનીઝમ જે રોગ લગાડે તેવા હોય તેનું સાફ સૂફી, ડિસઈન્ફેકશન કે સ્ટરીલાઇઝેશન દ્વારા નિયંત્રણ કરવું.

સાફ સૂફી ફિઝિકલ પ્રક્રિયા છે જે માટી, ધૂળ, અને ઓર્ગનીક બાબતો મોટા પ્રમાણમા માઇક્રો ઓર્ગનીઝ્મ સાથે દૂર કરે છે. ઈન્સ્ટ્રુમેન્ટસ અને ઇક્વિપમેન્ટનું ડિસઈન્ફેકશન કે સ્ટરીલાઇઝેશન કરતાં પહેલા સાફ સૂફી અત્યંત જરુરી છે. કોઈ પણ સર્વિસ શરૂ કરતાં પહેલા ગ્રાહક અને થેરાપિસ્ટે તેમના હાથ લિક્વિડ સાબુ અને પાણીથી ધોવા જોઈએ. સાબુ સ્વચ્છ ડિસ્પેન્સરમાં રાખવો. હાથ સુકવવા માટે ડિસ્પોઝેબલ પેપર ટુવાલની ભલામણ કરવામાં આવે છે.

જ્યાં શક્ય હોય ત્યાં ક્રીમ, લોશન અને સ્પ્રેને પર્પસ-સ્પેસિફિક પમ્પ અને સ્પ્રે બોટલ્સથી અલગ રાખવા. સર્વિસીઝના હેતુ માટે બધી સરફેસ જે ચેપ મુક્ત (એટલે કે ફરી ઉપયોગ કરી શકાય તેવું ઈંપ્લીમેંટ મેટલ અને વર્ક સરફેસીઝ) કરી શકાય તે દરેક સર્વિસના ગાળા દરમ્યાન ચેપ મુક્ત કરતી રહેવી



*Fig. 2.3 Lotion being dispensed from a bottle*

ડિસઈન્ફેક્શન માઇક્રો ઓર્ગનીઝમ નો નાશ કરશે સિવાય કે કોઈ જીવાણુઓ અને વાઈરસ. ડિસઈન્ફેક્નનો માઇક્રોબિઝ વ્રધ્ધિ મર્યાદિત કરવા તથા અટકાવવા થઈ રહ્યો છે. તેનો કામકાજની જગ્યા જેમ કે કાઉચીઝ, ટ્રોલીઝ,વોલ્સ અને ફ્લોર સાફ કરવા ઉપયોગ થઈ શકે. સર્વિસ દરમ્યાન ડિસઈન્ફેક્ન કરવા અને આઇટમ્સ સ્ટોર કરવા ડિસઈન્ફેક્ન જાર ઉપયોગી છે પણ ઇયમિત બદલતા રહેવા.

જ્યારે ત્વચા કપાઈ કે તૂટી ગઈ ન હોય ત્યારે માઇક્રો ઓર્ગનીઝમ કંટ્રોલ માટે ડિસઈન્ફેકશન પૂરતું લેવલ છે ડિસઈન્ફેકટંટ્સે મોટા ભાગના બેક્ટેરિયા,ફૂગ અને વાઈરસ મારી નાંખવા જોઈએ અને ઉત્પાદકની દોરવણી મુજબ જ ઉપયોગમાં લેવા જોઈએ.

ડિસઈન્ફેકટંટ્સ જેમાં ટૂલ્સ/ઇક્વિપમેન્ટ બોળવામાં આવે છે, એટલે કે રોલર/કેલિપર હેડ્ઝ, કતાર અને ટ્વીઝેર્સ, તે ડિસઈન્ફેકટંટ સોલ્યુશન ઉત્પાદકની દોરવણી મુજબ નિયમિત રીતે બદલવું જોઈએ

સ્ટરીલાઇઝેશન એ એવી પ્રક્રિયા છે જે સૌથી વધુ સામાન્ય રીતે ઓટોકલેવનો ઉપયોગ કરીને જીવંત ઓર્ગનીઝમ્સનો સંપૂર્ણ નાશ કરે છે, જીવાણુઓ સહિત, સ્ટરીલાઇઝેશનનો ફક્ત મેટલ ઇમ્પલેમેંટસ એટલે કે સીઝર અને ટ્વીઝર્સ ઉપર ઉપયોગ કરવો.

એક જ વખત વાપરવાના-ડિસ્પોઝેબલ ઇક્વિપમેંટ અને સ્ટરીલાઈઝિંગ ઇક્વિપમેન્ટ કે બંનેનો ઉપયોગ આ જોખમ મહત્વપૂર્ણ રીતે ઘટાડશે. એંટીબેકેટેરિયલ એજંટ્સ ઉદા.ત. પ્રિ-વેક્સ લોશન્સ અને હેન્ડ ક્લીનર્સનો ઉપયોગ, સેનિટેશન ત્વચાની સપાટીમાંથી ઉપરની મહદ અંશે માઇક્રો-ઓર્ગનીઝમ ઘટાડે છે. દરેક ગ્રાહકને સ્વચ્છ ટુવાલ અને લીનન આપવા જોઈએ. લૂછી શકાય તેવા પ્લાસ્ટિક કાઉચ કવરીંગનો ઉપયોગ ડિસ્પોઝેબલ કાઉચ રોલની સાથે કરવામાં આવે છે. મેલા લીનન ૬૦ ડિગ્રી સે. માં ધોવરાવવા જોઈએ.

સ્ટરીલાઇઝેશનની રીત- તેની ૩ મુખ્ય રીતો છે, અટેલે કે હિટ, રેડીએશન અને કેમિકલ

- હિટ- ભીના કરીને હિટ આપવી (ઓટોકલેવ) કે સૂકા કરીને હિટ આપવી (ઓવન કે ગ્લાસ બિડ સ્ટરીલાઇઝર. આ રીત નાના મેટલ ટૂલ્સને સ્ટરીલાઈઝ કરવા વાપરવામાં આવે છે. તે બ્યુટી સલૂનમાં ટ્વિઝર અને સીઝર વી. માટે ઉપયોગમાં કરવામાં આવે છે.
- રેડીએશન- યૂ.વી. લાઇટ કેબિનેટ
- કેમિકલ- ગ્લુટરલ ડીહાઈડ, આલ્કોહોલ વી

કેટલાક સ્ટરીલાઇઝિંગ સમય જતાં કેમિકલ્સ ઓછા અસરકારક નીવડે છે તેથી ઉત્પાદક ની સૂચના મુજબ નવા લઈને બદલી નાખવા.

સેનિટાઇઝેશન એક પ્રક્રિયા છે જે કેટલૂક નાશ કરી શકે છે પરંતુ બધા નુકશાન કારક જાણીતા માઇક્રો ઓર્ગઇનીઝ્મનો નાશ નથી કરતાં દા. ત. બેક્ટેરિયા અને વાઇરસ. સેનિટાઇઝેશન રોગ ફેલાતો અટકાવવા વપરાય છે અને તે ડિસઇન્ફક્ટંટસ અને ઍંટીસેપ્ટિક સમાવે છે. ઍંટીસેપ્ટિક્સનો ઉપયોગ માઈક્રોબિઝને મર્યાદીત રાખવા તથા વ્રધ્ધિ રોકવા કરવામાં આવે છે અને ત્વચા ઉપર વાપરી શકાય. તે હાથ ધોવા અને હાથ પર અને પગ પર લગાવવા વપરાય છે.

## ૨.૧.૫ પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ (PPE)

પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ (PPE) સર્વિસ દરમ્યાન ક્રોસ-ઇન્ફેક્શન કે ઇજા ઘટાડવા પ્રાપ્ય ઇક્વિપમેન્ટ સાથે સબંધિત છે.

ડિસ્પોઝેબલ ગ્લોવ્ઝની એક નવી જોડી દરેક સર્વિસ પહેલા તુરત જ પહેરવી જોઈએ અને ડિસ્પોઝલ અપ્રોન સર્વિસ દરમ્યાન કપડાંને રક્ષવા સલાહયુક્ત છે. તે સર્વિસ પછી સીધા જ દૂર કરી દેવા.




*Fig. 2.4 Always wear gloves during service*

ગ્રાહકના કપડાં આખી સર્વિસ દરમ્યાન બરાબર રક્ષવા.